GJMR060016012019

| Received on | 27-12-2019 |
|---|---|
| Registered on | 27-12-2019 |
| Decided on | 01-04-2026 |
| Duration on | Yr. Mo. Ds. Ds. |

## **FORM : A**

હળવદના મે. એડી.ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલત,

મુ. હળવદ(એન.જી.સુરતી )**GJ-00711**

ચુકાદાની તારીખ: ૦૧/૦૪/૨૦૨૬

ક્રિમીનલ કેસ નંબર:૧૨૨૦/૨૦૧૯

| | |
|---|---|
| **ફરીયાદી:** | રાજદીપભાઈ દુદાભાઈ પીપરોતર,<br>તે ધરતી ટ્રેડીંગ કું.ના પ્રોપરાઈટર,<br>તે મહાકાળી ટ્રેડીંગ કું.ના પ્રોપરાઈટર,<br>ઉ.વ.આ.૨૯, ધર્મ:હિન્દુ, ધંધો–વેપાર,<br>રહે. ઘનશ્યામપુર, તા.હળવદ, જી.મોરબી. |
| **ફરીયાદપક્ષે વકીલશ્રી:** | એલ.જી.સોનગ્રા |
| **આરોપી :** | નવીનચંદ રાયચંદ દક્ષિણી(ઠકકર),<br>ઉ.વ.આ. પુખ્તવયના, ધર્મ:હિન્દુ,<br>ધંધો:વેપાર,<br>મુળ રહે. ૧૭, ગાર્ડન વીલા બંગ્લોઝ,<br>કડી–છત્રાલ રોડ, કડી, જી.મહેસાણા,<br>હાલ રહે. પદમપ્રભુ સોસાયટી, એઈમ્સ<br>હોસ્પીટલની બાજુમાં, પાલડી, અમદાવાદ. |

| | |
|---|---|
| **આરોપીપક્ષે વકીલશ્રી:** | વી.જી.વ્યાસ |

---

**ગુનો: ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ.**

---

## FORM B

| | |
|---|---|
| **બનાવ તારીખ** | ૦૧/૦૬/૨૦૧૮ |
| **ફરીયાદ તારીખ** | ૨૭/૧૨/૨૦૧૯ |
| **પ્લી નોંધ્યા તારીખ** | ૧૪/૦૭/૨૦૨૧ |
| **પુરાવો ચાલુ થયા તારીખ** | ૨૫/૦૩/૨૦૨૨ |
| **ચુકાદો અનામત રાખ્યા તારીખ** | ૨૪/૦૩/૨૦૨૬ |
| **ચુકાદા તારીખ** | ૦૧/૦૪/૨૦૨૬ |
| **સજા કરી હોય તો સજા તારીખ** | –– |

| આરોપી નં | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | ગુનો | તકસીરવાર /નિર્દોષ | સજા | સી.આર. પી.સી.ની કલમ :૪૨૮ માટે કસ્ટડીમાં રહેલ સમય |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | નવીનચંદ રાયચંદ દક્ષિણી (ઠક્કર) | – | – | ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ | તકસીરવાન | આખરી હુકમ મુજબ | – |

## FORM C

**ફરીયાદપક્ષે** /કોર્ટ /તરફે સાહેદ લીસ્ટ–:

| ક્રમ | નામ | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી રાજદીપભાઈ દુદાભાઈ પીપરોતરનું સરતપાસનું સોગંદનામું | ૧૧ |

**ફરીયાદપક્ષે** /કોર્ટ /તરફે દસ્તાવેજી લીસ્ટ–:

| ક્રમ | લેખીત પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | બિલ નં. જી.આર–૬ | ૧૩ |
| ૨. | તકરારી ચેક નં.૦૧૫૩૬૫ | ૧૪ |
| ૩. | ચેક રીર્ટન મેમો | ૧૫ |
| ૪. | તહોમતદારને આપેલ રજી. એ.ડી. નોટીસ | ૧૬ |
| ૫. | નોટીસ રજી. એ.ડી. કર્યાની સ્લીપ | ૧૭ |
| ૬. | તહોમતદારે પરત કરાવેલ નોટીસવાળું બંધ કવર | ૧૮ |
| ૭. | ફરીયાદીનું માર્કેટીંગયાર્ડનું સામાન્ય લાયસન્સ | ૧૯ |
| ૮. | ફરીયાદીની ઓળખ અંગેનો આધાર | ૨૦ |
| ૯. | ફરીયાદી પેઢીના ઘરતી ટ્રેંડીગ કાું.ના માલીકી અંગેનો આધાર | ૧૦૩ |
| ૧૦. | કલોઝીંગ પુર્સીસ | ૧૦૪ |

**બચાવપક્ષે** /કોર્ટ /તરફે સાહેદ લીસ્ટ–:

| ક્રમ | નામ | આંક |
|---|---|---|
| ૧. | નવીનચંદ્ર રાયચંદભાઈ ઠકકરનું સરતપાસનું સોગંદનામું | ૨૫ |

**બચાવપક્ષે** /કોર્ટ /તરફે દસ્તાવેજી લીસ્ટ–:

| ક્રમ | લેખીત પુરાવાની વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | પાલડી પોલીસસ્ટેશનના અધિકારીને આપેલ ફરીયાદ | ૩૦ |
| ૨. | રાજકોટ બેડી પોલીસસ્ટેશનના અધિકારીને આપેલ ફરીયાદ | ૩૧ |

હળવદ.

તા.૦૧/૦૪/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

**::ઠરાવ::**

૧. ફરીયાદપક્ષની ફરીયાદ હકીકત ટુંકમાં એવી છે કે, અમો ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે રહીએ છીએ અને હળવદ મુકામે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, હળવદમુકામે ધરતી ટ્રેડીંગ કું.ના નામથી દુકાન નં.૭૫થી દુકાન ધરાવીએ છીએ અને ખેતીવાડીને લગતો માલસામાન ખરીદ–વેચાણ કરવાના કમિશન એજન્ટનું લાયસન્સ નં.૧૦૯/૧૭–૧૮થી લાયસન્સ ધરાવીએ છીએ. તહોમતદાર ઉપરોકત સરનામે રહે છે અને હળવદમુકામે એ.પી.એમ.સી.માં તેઓના ધંધાના વિકાસ અર્થે દુકાન ભાડે રાખેલ અને ગજલક્ષ્મી ટ્રેડર્સના નામથી એગ્રીકલ્ચરને લગતી વસ્તુઓ ખરીદ–વેચાણ કરવાનો ધંધો કરે છે અને અમો ફરીયાદીના ગ્રાહક થાય છે. જેથી તહોમતદાર અને અમો ફરીયાદી વચ્ચે વેપારીક વિશ્વાસજન્ય સંબંધો છે. તહોમતદારે અમો ફરીયાદીને ત્યાં ખાતું પડાવી ગઈ તા.૧૪–૩–૧૮ના બિલ નં.GR–6 થી ચણાનો માલસામાન રૂા.૧,૩૦,૫૮૨/– અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરાનો ખરીદ કરેલ અને તહોમતદારે જે તે સમયે સદર બિલ મુજબની રકમ અમો ફરીયાદીને ત્યાં બાકી રખાવેલ હતી અને વચન, વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદર રકમ હું તમોને થોડા સમયમાં ચુકવી આપીશ. જેથી અમો ફરીયાદીએ તહોમતદારની વાત પર વિશ્વાસ અને ભરોસો રાખેલ હતો. જે હકીકતથી તહોમતદાર સારી રીતે માહિતગાર અને વાકેફ છે. ત્યારબાદ થોડા સમય બાદ અમો ફરીયાદીએ તહોમતદાર પાસે અમારી કાયદેસરની લેણી રકમ રૂા.૧,૩૦,૫૮૨/– અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરાની ઉઘરાણી કરતા તહોમતદારે અમો ફરીયાદીને તેઓના બેન્ક ઓફ ઈન્ડીયા, હળવદ શાખાના ખાતા નં.૨૦૯૨૨૦૧૧૦૦–૦૦૧૬૯માંથી એક નં.૦૧૫૩૬૫વાળો તા.૨૪–૩–૧૮ના રોજનો રૂા.૧,૩૦,૫૮૨/– અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરાનો તેઓની સહી

કરી તથા વિગતો ભરીને આપેલ અને અમો ફરીયાદીને વચન, વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદરહું ચેક તમો તમારા ખાતામાં જમા કરાવશો એટલે સદર ચેકે અચુક પાસ થઈ જશે અને ચેક મુજબની રકમ તમોને ચોકકસ વસુલ મળી જશે. જે હકીકતથી તહોમતદાર સારી રીતે માહિતગાર અને વાકેફ છે. ત્યારબાદ તહોમતદારના કથન, વચન અને વિશ્વાસ પર ભરોસો રાખી સદરહું ચેક અમો ફરીયાદીએ અમારા આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, હળવદશાખામાં આવેલ ખાતામાં તા.૧–૬–૧૮ના રોજ વસુલાત અર્થે જમા કરાવતા અને જે ચેક તહોમતદારની સદરહું બેન્કમાં કલીયરીંગમાં જતા સદરહું ચેક "ફંડ ઈનસફીસીયન્ટ"ના શેરા સાથે વગર વસુલાતે તા.૧–૬–૧૮ના રોજ પરત આવેલ અને જેની જાણ અમો ફરીયાદીને અમારી બેન્કે તેઓના તા.૧–૬–૧૮ના ચેક રીટર્ન મેમાથી સદરહું ચેક તથા ચેક રીટર્ન મેમો પરત મોકલતા થયેલ. તહોમતદાર તેઓના ખાતાની સ્થિતિ અંગે સારી રીતે જાણતા હોવા છતાં અમો ફરીયાદીને અમારી કાયદેસરની ચેક મુજબની રકમ વસુલ મળી જાય તેવી કોઈ નાણાંકીય વ્યવસ્થા તહોમતદારે તેઓના ખાતામાં કરેલ નહી અને ઈરાદાપુર્વક રીતે સદરહું ચેક પરત કરાવેલ હોય આમ કરીને તહોમતદારે અમો ફરીયાદી સાથે દગો, છેતરપિંડી તથા વિશ્વાસઘાત આચરેલ છે તેમજ ધી નેગો.ઈન્સ્ટ.એકટની કલમ–૧૩૮ અન્વયે ગંભીર શિક્ષા, દંડ તથા વળતરને પાત્ર ફોજદારી ગુન્હો ઈરાદાપુર્વક આચરેલ છે. આમ ઉપરોકત વિગતે તહોમતદારે આપેલ સદરહું ચેક પરત આવતા અમો ફરીયાદીએ અમારા વકીલ મારફત તા.૧૮–૬–૧૮ના રોજ રજી.એ.ડી. મારફત નોટીસ આપેલ. જે નોટીસ તહોમતદારે તા.૨૧–૬–૧૮ના રોજ "લેફટ"ના શેરા સાથે વગર સ્વીકાર્યે પરત કરાવેલ. આમ તહોમતદારને નોટીસની જાણ હોવા છતાં તહોમતદારે અમોને નિયત સમયમાં અમારી કાયદેસરની ચેક મુજબની લેણી રકમ ચુકવી આપેલ ન હોય કે અમારી

નોટીસનો કોઈ જવાબ આપેલ ન હોય જેથી તહોમતદાર વિરૂધ્ધ ધોરણસર થવા અમોએ હાલની ફરીયાદ આપ નામ. કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. સબબ નમ્ર અરજ કરવાની કે, ઉપરોકત તમામ હકીકતો નેક ધ્યાને લઈ તહોમતદાર વિરૂધ્ધ ધી નેગો. ઈન્સ્ટ. એકટની કલમ–૧૩૮ અન્વયે કામ ચલાવી તહોમતદારને સખતમાં સખત કેદની સજા ફરમાવવા મહે. કરશોજી તથા તહોમતદારને ચેકની રકમથી બમણી રકમનો દંડ ફરમાવી અમો ફરીયાદીને અમારી કાયદેસરની ચેક મુજબની લેણી રકમ રૂા.૧,૩૦,૫૮૨/– અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરા વ્યાજ સહિત વસુલ અપાવવા હુકમ કરવા મહે. કરશોજી તથા આ ફરીયાદનું ન્યાયીક ખર્ચ અમોને તહોમતદાર પાસેથી અલગથી અપાવવા મહે. કરશોજી.

૨. ફરીયાદ રજુ કરતાં ફોજદારી કાર્યરીતિ સંહિતા:૧૯૭૩ (કે જેને સરળતા ખાતર આ ઠરાવમા હવે પછી ''સંહિતા'' તરીકે સંબોધવામાં આવ્યા છે) કલમ:૨૦૦ અન્વયે ફરીયાદીના સોગંદ ઉપરના વેરીફીકેશન ધ્યાને લઈ, સીઆરપીસી,૧૯૭૩ કલમ:૨૦૪ અન્વયે આરોપી સામે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧, કલમ–૧૩૮ મુજબના ગુના સબબ સમન્સ કાઢવામાં આવેલ. જેની ધોરણસરની બજવણી થતાં આરોપી તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલ. આરોપીને ફરીયાદ તથા સાધનીક દસ્તાવેજોની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિમિનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ની કલમ:૨૫૧ મુજબ આરોપીની આંક:૮થી પ્લી નોંધવામાં આવેલ. જે અન્વયે આરોપીએ ગુન્હો કબુલ કરવાનો ઈન્કાર કરેલ હોવાથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે.

૩. ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીને પોતાના વિરુઘ્ધ રજુ કરવામાં આવેલ મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓનું ખંડન કરવા તક આપવી ન્યાયોચિત જણાયેલ હોવાથી, ક્રીમીનલ પ્રોસીજર કોડ,૧૯૭૩ કલમ–૩૧૩ અન્વયે આારોપીનું વિશેષ નિવેદન નોંઘવામાં આવેલ છે. આરોપીએ જણાવેલ છે કે સોગંદપર જુબાની આપવી છે, બચાવપક્ષે સાહેદ તપાસવા છે, અને મારે પુરાવો રજુ કરવો છે. તેમજ વિશેષમાં જણાવેલ છે કે, અમારે ફરીયાદીને કોઈ નાણા ચુકવવાના બાકી નથી. અમે તેમને કોઈ ચેક આપેલ નથી.

૪. ફરીયાદપક્ષ તથા બચાવપક્ષે આ સિવાય અન્ય કોઈ મૌખીક કે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.

**૫.** પ્રસ્તુત ફોજદારી કાર્યવાહીમાં ફરીયાદી દ્વારા પોતાના કેસના સમર્થનમાં ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ કલમ ૩૧૪(૧) અન્વયે મૌખીક દલીલ કરવામાં આવેલ છે. જે ઘ્યાને લેવામાં આવેલ છે.

**૬.** અદાલત સમક્ષ આખરી ન્યાયીક નિર્ણય કરવા નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત ચેક તેમના કાયદેસરના દેવાની પુરેપુરી અથવા અંશત: ચુકવણી માટે આરોપી તરફથી આપવામાં આવેલ અને તે સમયમર્યાદામા બેંકમાં રજુ કરતા ''FUND INSUFFICIENT'' હોવાના કારણસર પરત ફરેલ છે.?

(૨) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તેઓએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કાયદેસર સમયમર્યાદામાં આરોપીઓને નોટીસ આપવા છતાં, આરોપીએ ફરીયાદીશ્રીને વાદગ્રસ્ત ચેકની રકમ પરત ન કરી આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયે શિક્ષાપાત્ર ગુન્હાહિત કૃત્ય કરેલ છે ?

(૩) શું હુકમ ?

**૭.** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) હકારમાં,

(૩) આખરી હુકમ અનુસાર.

**:: <u>નિર્ણયો માટેના કારણો</u> ::**

**<u>મુદા નં ૧ અને ૨ પરત્વે કારણો</u>**

૮. મુદ્દા નં.૧ અને ૨ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય,હકીકતોનુ પુનરાવર્તન ટાળવાના હેતુસર અત્રે સંયુકત ચર્ચા કરવામાં આવેલ છે.

**૯.૧** આ કામે આંક–૧વાળી ફરીયાદ મુજબ ફરીયાદીએ અત્રેની અદાલતમાં ફરીયાદ દાખલ કરેલ તે ફરીયાદના સમર્થનમાં ફરીયાદી રાજદીપભાઈ દુદાભાઈ પીપરોતરએ આંક–૧૧થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે. જે હકીકત મુજબ અમો ફરીયાદી ઉપરોકત જણાવેલ સરનામે રહીએ છીએ અને હળવદમુકામે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, હળવદમુકામે ધરતી ટ્રેડીંગ કું.ના નામથી દુકાન નં.૭૫થી

દુકાન ધરાવીએ છીએ અને ખેતીવાડીને લગતો માલસામાન ખરીદ–વેચાણ કરવાના કમિશન એજન્ટનું લાયસન્સ નં.૧૦૯/૧૭–૧૮થી લાયસન્સ ધરાવીએ છીએ. તહોમતદાર ઉપરોકત સરનામે રહે છે અને હળવદમુકામે એ.પી.એમ.સી.માં તેઓના ધંધાના વિકાસ અર્થે દુકાન ભાડે રાખેલ અને ગજલક્ષ્મી ટ્રેડર્સના નામથી એગ્રીકલ્ચરને લગતી વસ્તુઓ ખરીદ–વેચાણ કરવાનો ધંધો કરે છે અને અમો ફરીયાદીના ગ્રાહક થાય છે. જેથી તહોમતદાર અને અમો ફરીયાદી વચ્ચે વેપારીક વિશ્વાસજન્ય સંબંધો છે. તહોમતદારે અમો ફરીયાદીને ત્યાં ખાતું પડાવી ગઈ તા.૧૪–૩–૧૮ના બિલ નં.GR–થી ચણાનો માલસામાન રૂા.૧,૩૦,૫૮૨/– અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરાનો ખરીદ કરેલ અને તહોમતદારે જે તે સમયે સદર બિલ મુજબની રકમ અમો ફરીયાદીને ત્યાં બાકી રખાવેલ હતી અને વચન, વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદર રકમ હું તમોને થોડા સમયમાં ચુકવી આપીશ. જેથી અમો ફરીયાદીએ તહોમતદારની વાત પર વિશ્વાસ અને ભરોસો રાખેલ હતો. જે હકીકતથી તહોમતદાર સારીરીતે માહિતગાર અને વાકેફ છે. ત્યારબાદ થોડા સમય બાદ અમો ફરીયાદીએ તહોમતદાર પાસે અમારી કાયદેસરની લેણી રકમ રૂા.૧,૩૦,૫૮૨/– અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરાની ઉઘરાણી કરતા તહોમતદારે અમો ફરીયાદીને તેઓના બેન્ક ઓફ ઈન્ડીયા, હળવદશાખાના ખાતા નં.૨૦૯૨૨૦૧૧૦૦૦૦૧૬૯માંથી ચેક નં.૦૧૫૩૬૫વાળો તા.૨૪–૩–૧૮ના રોજનો રૂા.૧,૩૦,૫૮૨/– અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરાનો તેઓની સહી કરી તથા વિગતો ભરીને આપેલ અને અમો ફરીયાદીને વચન, વિશ્વાસ અને ભરોસો આપેલ કે, સદરહું ચેક તમો તમારા ખાતામાં જમા કરાવશો એટલે સદર ચેકે અચુક પાસ થઈ જશે અને ચેક મુજબની રકમ તમોને

ચોકકસ વસુલ મળી જશે. જે હકીકતથી તહોમતદાર સારી રીતે માહિતગાર અને વાકેફ છે. ત્યારબાદ તહોમતદારના કથન, વચન અને વિશ્વાસ પર ભરોસો રાખી સદરહું ચેક અમો ફરીયાદીએ અમારા આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, હળવદશાખામાં આવેલ ખાતામાં તા.૧–૬–૧૮ના રોજ વસુલાત અર્થે જમા કરાવતા અને જે ચેક તહોમતદારની સદરહું બેન્કમાં કલીયરીંગમાં જતા સદરહું ચેક "ફંડ ઈનસફીસીયન્ટ"ના શેરા સાથે વગર વસુલાતે તા.૧–૬–૧૮ના રોજ પરત આવેલ અને જેની જાણ અમો ફરીયાદીને અમારી બેન્કે તેઓના તા.૧–૬–૧૮ના ચેક રીટર્ન મેમાથી સદરહું ચેક તથા ચેક રીટર્ન મેમો પરત મોકલતા થયેલ. તહોમતદાર તેઓના ખાતાની સ્થિતિ અંગે સારી રીતે જાણતા હોવા છતાં અમો ફરીયાદીને અમારી કાયદેસરની ચેક મુજબની રકમ વસુલ મળી જાય તેવી કોઈ નાણાંકીય વ્યવસ્થા તહોમતદારે તેઓના ખાતામાં કરેલ નહી અને ઈરાદાપુર્વક રીતે સદરહું ચેક પરત કરાવેલ હોય આમ કરીને તહોમતદારે અમો ફરીયાદી સાથે દગો, છેતરપિંડી તથા વિશ્વાસઘાત આચરેલ છે તેમજ ધી નેગો.ઈન્સ્ટ.એકટની કલમ–૧૩૮ અન્વયે ગંભીર શિક્ષા, દંડ તથા વળતરને પાત્ર ફોજદારી ગુન્હો ઈરાદાપુર્વક આચરેલ છે. આમ ઉપરોકત વિગતે તહોમતદારે આપેલ સદરહું ચેક પરત આવતા અમો ફરીયાદીએ અમારા વકીલ મારફત તા.૧૮–૬–૧૮ના રોજ રજી.એ.ડી. મારફત નોટીસ આપેલ. જે નોટીસ તહોમતદારે તા.૨૧–૬–૧૮ના રોજ "લેફટ"ના શેરા સાથે વગર સ્વીકાર્યે પરત કરાવેલ. આમ તહોમતદારને નોટીસની જાણ હોવા છતાં તહોમતદારે અમોને નિયત સમયમાં અમારી કાયદેસરની ચેક મુજબની લેણી રકમ ચુકવી આપેલ ન હોય કે અમારી નોટીસનો કોઈ જવાબ આપેલ ન હોય જેથી તહોમતદાર વિરૂધ્ધ ધોરણસર થવા અમોએ હાલની ફરીયાદ આપ નામ. કોર્ટ સમક્ષ દાખલ કરેલ છે. સબબ નમ્ર અરજ કરવાની કે,

ઉપરોકત તમામ હકીકતો નેક ધ્યાને લઈ તહોમતદાર વિરૂધ્ધ ધી નેગો. ઈન્સ્ટ. એકટની કલમ–૧૩૮ અન્વયે કામ ચલાવી તહોમતદારને સખતમાં સખત કેદની સજા ફરમાવવા મહે. કરશોજી તથા તહોમતદારને ચેકની રકમથી બમણી રકમનો દંડ ફરમાવી અમો ફરીયાદીને અમારી કાયદેસરની ચેક મુજબની લેણી રકમ રૂા.૧,૩૦,૫૮૨/– અંકે રૂપીયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરા વ્યાજ સહિત વસુલ અપાવવા હુકમ કરવા મહે. કરશોજી તથા આ ફરીયાદનું ન્યાયીક ખર્ચ અમોને તહોમતદાર પાસેથી અલગથી અપાવવા મહે. કરશોજી.

સદર ફરીયાદી સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે અમો ધરતી ટ્રેડીગ કંપનીના ભાગીદાર છીએ. તે વાત ખરી છે કે અમોએ ભાગીદારી પેઢીનુ રજીસ્ટ્રેશન કરાવેલ છે. તે વાત ખરી છે કે અમો ભાગીદારી પેઢીના દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. તે વાત ખરી છે કે ફરીયાદ કરવા માટેનો ભાગીદારોનો સમતીપત્ર આ કામે રજુ કરેલ નથી. મને આંક–૨૦, માર્ક–૩/૮નુ લાઈસન્સ બતાવવામા આવે છે જેમા મદદનીશ અને પ્રતીનીધીના નામ લખેલ છે. આ લાઈસનસમા જણાવેલ પુનીતભાઈ હસમુખભાઈ સોલંકી અમારે ત્યા કામ કરે છે. એ વાત ખરી નથી કે અમોએ આ કામે રજુ કરેલ લાઈસન્સ ૨૦૧૭ ની સાલનુ છે. સાહેદ જણાવે છે કે ૨૦૧૭, ૨૦૧૮નુ છે. તે વાત ખરી નથી કે અમો આ કામે રજુ આંક–૧૩, માર્ક–૩/૧વાળા બીલ આ કામના આરોપીને આપેલ હોય તેવુ જણાવેલ નથી. તે વાત ખરી છે કે આક–૧૪, માર્ક–૩/૨ના બીલમા ગજલક્ષ્મી ટ્રેડર્સની આગળ

આરોપીનુ નામ લખેલ નથી. તે વાત ખરી છે કે આ બીલોમા જણાવેલ વજનની વજનચીઠી અમોએ બનાવેલી. સવાલ : આવી કોઈ વજન ચીઠીમા મારી સહી હોય તેવો કોઈ પુરાવો છે તમારી પાસે જવાબ : તે ચીઠી લેબર આપતા હોય છે. તે વાત ખરી નથી કે અમો આ કામના આરોપીને ચણાનો માલ આપેલ હોય તેવુ વાઉચર કે બીલ કે પુરાવા અમારી પાસે નથી. સવાલ : તમે મને ચણાનો માલ આપેલ તે ટ્રકોનુ નંબર બીલોમા જણાવેલ નથી. જવાબ : એ.પી.એમ.સી.માં ઢગલામા માલ આપવામા આવે છે અને બહુ બધી ટ્રકોમા આપવામા આવતા હોવાથી ટ્રક નંબર લખવામા આવતા નથી. તે વાત ખરી છે કે અમોએ આરોપીને આપેલ નોટીસમા અમારી સહી નથી. તે વાતની મને ખબર નથી કે નોટીસમા આરોપીનું સરનામુ પાલડી અમદાવાદનું લખેલ છે અને નોટીસ કડી મહેસાણા મોકલેલ. તે વાત ખરી છે કે આરોપીએ ભાડે રાખેલ દુકાન હળવદ માર્કેટયાર્ડમા હતી. તે વાત ખરી છે કે અમો આ કામના આરોપીને હળવદ માર્કેટયાર્ડના સરનામે કોઈ નોટીસ મોકલેલ નહી. તે વાત ખરી છે કે આ કામે રજુ થયેલ ત્રણે ચેકો આરોપીએ અમને સામે બેસીને પુરી વીગત ભરી સહી કરી આપેલા. સવાલ : આ કામે રજુ થયેલ ચેકો આરોપીએ તમોને કઈ તારીખે આપેલા. જવાબ : જે ચેકમા તારીખ છે તે જ તારીખે આપેલા. આ કામે રજુ થયેલા બીલ અમોએ ગજલક્ષ્મી ટ્રેડર્સને આપેલા. તે બીલો અમોએ કંપનીને આપેલા. તે વાત ખરી છે કે આ બીલો અમોએ ગજલક્ષ્મી ટ્રેડર્સ વતી આરોપીને આપેલા. તે વાત ખરી નથી કે બીલો આપતી વખતે અમો સહી લીધેલ નહી. તે વાત

ખરી નથી કે આ કામના આરોપીની અટક દક્ષીણી હોવા અંગેના કોઈ પુરાવા અમારી પાસે નથી. તે વાતની મને ખબર નથી કે આ કામના આરોપી પાલડી અમદાવાદ રહેતા હોય કે કડી મહેસાણા રહેતા હોય તે અંગેના પુરાવા આ કામે રજુ કરેલ કે કેમ. અમોને આરોપીએ બાંહેધરી આપી હતી કે થોડા દીવસ ખમો પૈસા મળી જશે જેથી અમો અઢી મહીના સુધી રાહ જોઈ પછી ચેક બેકમા આપેલા. આરોપીએ આવી બાંહેધરી અમોને રુબરુ આપેલી. આરોપીએ મને ચેક આપેલા તે દીવસે બાંહેધરી આપેલી. તે દીવસે આરોપીએ અમોને કોઈ ચોકસસ તારીખની બાંહેધરી આપેલ નહી. સાહેદ જણાવે છે કે તેઓએ થોડા દીવસ રહેવાની બાંહેધરી આપેલ હતી તેથી અમોએ થોડા દીવસ રાહ જોઈ અમોએ અમારી રીતે ચેક જમા કરાવેલ. તે વાત ખરી છે કે ચેક જમા કરાવ્યા પહેલા અમોએ આરોપીને કોઈ નોટીસ આપેલ નહી. તે વાત ખરી નથી કે આરોપી અશોકભાઈ ગાડાલાલની ઓફીસમા બેસતા હોય અશોકભાઈએ આરોપીની ચેક બુક લઈ જઈ તેમાથી ચેક આપેલા. તે વાત ખરી નથી કે અમો આરોપીને કોઈ માલ આપેલ ન હોવા છતા અશોકભાઈ પાસેથી ચેક લઈ ચેકોનો દુર ઉપયોગ કરી આરોપી સામે ખોટી ફરીયાદ કરેલી.

**૯.૨.** ત્યારબાદ બચાવપક્ષે આંક–રપથી આરોપી નવીનચંદ રાયચંદ દક્ષિણીનાઓનું સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે. જેમાં તેઓએ ફરીયાદપક્ષની હકીકતને નકારી કાઢેલ છે અને તેઓની ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, તે વાત

ખરી છે કે અમો હળવદ માકેટીંગયાર્ડમાં ગજલક્ષ્મી ટ્રેડીંગના નામથી વેપાર કરતા હતા.તે વાત ખરી છે કે આ વેપાર દુકાન નં.૩૩મા કરતા હતા. તે વાત ખરી છે કે દુકાન નં.૩૩મા અમો ગ્રાઉન્ડ ફલોરમા બેસતા અને અશોકભાઈ ઉપરના માળ પર બેસતા. તે વાત ખરી છે કે અશોકભાઈ અંશ એન્ટરપ્રાઈઝથી વેપાર કરતા હતા. તે વાત ખરી છે કે મે આ દુકાન અશોકભાઈ પાસેથી ભાડે રાખેલી. તે વાત ખરી છે કે એમા ભાડા કરાર થયેલ છે. તે વાત ખરી છે કે ભાડા કરાર આ કામે રજુ કરેલ નહીં. સાહેદ જણાવે છે કે ભાડા કરાર ૧૮/૨/૧૮ સુધીનો હતો. મને માર્ક–૨૬(૨), (પાના નં.૬૪)ની ફરીયાદ બતાવવામા આવે છે જે રજુ આંક–૩૦ આપવામાં આવે છે. જે જોઈને કહુ છુ આ ફરીયાદ અમોએ અશોકભાઈની સામે કરેલ છે. તે વાત ખરી છે કે પેરા ચારમા લખેલ છે કે માર્ચ ૨૦૧૮ના અરસામા કેટલાક કારણોસર અમારે વેપારીઓની ચુકવવા થતા નાણા બાબતે વીલંબ થવાથી કેટલાક વેપારીઓ અમારા થી નારાજ થયેલ હતા તે વાત ખરી છે કે તે ફરીયાદમા અમો જણાવેલ કે અશોકભાઈ તા.૧૩/૭/૧૮ના રોજ અમારા ધરે આવેલા. તે વાત ખરી છે કે મારી ફરીયાદમા આવું લખાવેલ કે મારી ગાડી લઈ ગયા અને ગાડીમા મુકેલ બીલ બુક ચેકબુક અને અન્ય સાહીત્ય ગાડીમા હતું તે લઈ ગયેલા.તે વાત ખરી છે કે ફરીયાદના પારા સાતમા આવુ લખેલ છે કે અમો ફરીયાદીએ અશોકભાઈને બે ત્રણ દીવસ બાદ ફોન પર સંપર્ક કરતા તેઓએ જણાવેલ કે અહીં હળવદ માકેડીંગયાર્ડમાં વેપારી વીગેરેના અઢળક દબાણના કારણે હુ બહાર જઈ શકતો નથી. તે વાત ખરી છે કે પારા છમા મે અશોકભાઈને ફોન કરતા અશોકભાઈ એ બે ત્રણ દીવસમા ગાડી સાથે બધી વસ્તુ મોકલી આપવાની વાત કરેલ. તે વાત ખરી છે કે મારી ફરીયાદ પ્રમાણે અશોકભાઈ મારી ગાડી તા.૧૩/૪/૧૮ના રોજ લઈ ગયેલા જેની ફરીયાદ પાલડી પો.સ્ટેમા તા.૧૦/૩/૧૯ના

રોજ કરેલી. તે વાત ખરી છે કે આ ફરીયાદ પહેલા અશોકભાઈ સામે અન્ય કોઈ ફરીયાદ પાલડી પો.સ્ટે.મા કે હળવદ પો.સ્ટેમાં કરેલ નથી. તે વાત ખરી છે કે સદર ફરીયાદ નામદાર કોર્ટનો સમન્સ બજયા પછી કરેલી. તે વાત ખરી છે કે અશોકભાઈએ ચેકના આધારે ફરીયાદ કરેલ તે નામદાર કોર્ટના સમન્સથી જાણ થયેલ. તે વાત ખરી છે કે મારી આ આંક-૩૦વાળી આ ફરીયાદમા પેરા-૯મા ૧૩/૯/૧૯વાળી હકીકત બાબતે સાત આઠ વેપારી હતા તેવું જણાવેલ પરતુ કોઈના નામ જણાવેલ નહી. તે વાત ખરી છે કે તે ફરીયાદમાં જણાવેલ ૧૩/૯/૧૯વાળો બનાવ આ હાલની ફરીયાદ થયાના એક વર્ષ પછી બનેલ હોવાનુ જણાવેલ. મને માર્ક-૨૬(૩) (પાનાનં.૬૯)વાળી ફરીયાદ બતાવવામા આવે છે જે રજુ આંક-૩૬ છે. જે જોઈને કહુ છુ કે તેમા કોઈ ફરીયાદીના નામ નથી. તે વાત ખરી છે કે અમારા દારા ઉપરોકત બે ફરીયાદ બાબતે કોઈ એફ.આઈ.આર. થયેલ નહી. તે વાત ખરી છે કે હાલની ફરીયાદના સમન્સ અમોને બજયા પછી હાઈકોર્ટમા ક્વોસીગ માટે ગયેલ નહી. તે વાત ખરી છે કે આ કામે અમો વકીલ રોકેલા નથી અને જાતે કેશ ચલાવેલ અને ફરીયાદીની ઉલટતપાસ તા.૨૫/૩/૨૨ના રોજ કરેલી. તે વાત ખરી છે કે આ કામે અમારા સોગંધનામા સાથે એફ.એસ.એલ.ના જે દસ્તાવેજ રજુ કરેલ તે એફ.એસ.એલ જાચ કોઈ પણ કોર્ટના હુકમના આધારે કરાવેલ નહી. તે વાત ખરી છે કે હાલનો ચેક સાઈન ડીફરના કારણે રીર્ટન થયેલ હોય તેવુ બનેલ નહી. તે વાત ખરી છે કે આંક-૨૫ સોગધનામાના પારા જમાં મારુ સરનામુ બતાવેલ છે. તે વાત ખરી નથી કે અમો ફરીયાદી પાસેથી આંક-૧૩ના બીલથી જે માલ ખરીદેલ તેના પેટે ચેક આપેલ. તે વાત ખરી નથી કે ફરીયાદીના ચેકના નાણા આપવા ન પડે તે માટે ફરીયાદ પછી ખોટી હકીકતો ઉભી કરેલ છે. તે વાત ખરી નથી કે સોગંધ ઉપર

ખોટી જુબાની આપુ છુ.

**૧૦.** આ કામના આરોપી વિરૂઘ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ–૧૩૮ના ગુનાનો આરોપ હોય સદર કાનુની જોગવાઈ ઘ્યાને લેવી જરૂરી બને છે.

(૧) કોઈ કાયદેસરના દેવા કે અન્ય જવાબદારી અદા કરવા માટે ચેક આપવામા આવેલો હોવો જોઈએ.

(૨) ચેક લખનાર વ્યકિતના ખાતામાં અપુરતા નાણાં ભંડોળના અભાવે ચેકનો અનાદર થયેલ હોવો જોઈએ.

(૩) ચેક લખ્યા તારીખથી છ માસની સમય મર્યાદામાં કલીયર થવા માટે બેંકમાં રજુ થયેલ હોવો જોઈએ.

(૪) ચેકનો અનાદાર થયા બાદ બેંક તરફથી માહિતી મળ્યાના ૧૫ દિવસની અંદર (નવા સુધારા બાદ ૩૦ દિવસની અંદર) ચેક લખનારને લેખિત ડિમાન્ડ નોટીસ આપીને ચેકમાની રરમની માં ગણી કરેલી હોવી જોઈએ.

(૫) નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં આરોપી ચેકની રકમ ચુકવણી કરવામાં નિષ્ફળ ગયેલ હોવો જોઈએ.

(૬) દેવુ કે જવાબદારી કાયદેસર રીતે અમલ કરાવી શકાય તેવી હોવી જોઈએ.

ઉપરોકત તમામ તત્વો સાબિત કરવામાં ફરીયાદપક્ષ સફળ થાય તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ,૧૮૮૧ની કલમ–૧૩૮ અન્વયે આરોપીને દોષિત ઠરાવી શકાય.

**૧૧.** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ ૧૧૮ના પ્રબંધો ધ્યાને લઈએ તો:–

''વટાઉખત વિશે માની લેવાની બાબત છે એટલે કે જો વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી દરેક વટાઉખત અવેજ માટે કરી આપ્યું હતું અથવા લખી આપ્યું હતું કે સ્વીકારવામા આવ્યું હતું તથા તેના ઉપર તારીખ હોય તેવા દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યા અથવા લખી આપ્યું હતું તે અંગે કોર્ટ અનુમાન કરી શકશે તથા સ્વીકારોયેલું વટાઉખતની દેરક તબદીલી તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.''

**૧૧.૧.** ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ની કલમ ૧૧૮ના પ્રબંધો ધ્યાને લઈએ તો:–

'' વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ના દર્શાવ્યા મુજબ કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પુરેપુરા અથવા તેના કોઈ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં ચે ચેક મેળવ્યો હશે.''

**૧૨.** ફોજદારી ન્યાયપ્રણાલિના મુળભુત અને પાયાના સિધ્ધાંતો મુજબ આરોપી સામે આક્ષેપવામા આવેલ તહોમત શંકારહિત રીતે પુરવાર કરવાનો ભાર ફરીયાદ પક્ષે રહેલો છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાઓનુ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એકટની કલમ–૧૩૮, ૧૪૨નાં ગુનાના આવશ્યક તત્વો તથા ફરીયાદ હકીકતના સંદર્ભે મુલ્યાંકન કરવાનુ રહે છે. આ કામ સૌપ્રથમ સદર કેસ બાબતે ધી નેગો. એકટની કલમ–૧૩૮ અન્વયેનો ગુનો સ્થાપિત કરવા માટે મહતવના જે તત્વો છે તે ધ્યાનમાં લેવામાં આવે તો કાયદેસરના લેણાં પેટે ચેક આપેલ હોય,તે ચેક સમયમર્યાદામાં બેંકમાં રજુ કરવામાં આવેલ હોવો જોઈએ, સદર ચેક આરોપીની બેંકમાથી વગર સ્વીકારાયે પરત આવેલ હોવો જોઈએ, જેની જાણ ફરીયાદીને થયા બાદ ફરીયાદીએ આરોપીને દિન–૩૦માં સદર ચેકના અસ્વીકાર બાબતેની નોટીસ આપવી જોઈએ અને તેમાં ચેકની રકમનો ઉલ્લેખ કરેલો હોવો જોઈએ અને નોટીસ મળ્યા બાદ દિન–૧૫માં આરોપી જો ચેકની રકમ ફરીયાદીને ચુકવી ન આપે તો ધી નેગો.કલમ–૧૩૮ અન્વયેના ગુનાના તત્વો પરીપુર્ણ થતા હોય ત્યારબાદ જ ફરીયાદ કરવા માટેનુ કારણ ઉપસ્થિત થાય છે. વધુમાં નામ. સુપ્રિમકોર્ટે મુસરફ હુસન ખાન વિ. ભગીરત એન્જીનીયરીગ લી. અને બીજાઓના એ.આઈ.આર.૨૦૦૬ એસ.સી.૧૨૮૮ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, The Hon'ble Supreme Court of India has held that for securing conviction under Negotiable Instrument Act,1881 the fact which are required to be proved are (a) that the cheque was drawn for payment of an amount of money for discharge of a debt/ liability and the cheque was dishonoured (b)

that the cheque was presented within prescribed period (c) that the payment made a demand for payment of the money by giving a notice in writing to the drawer within the stipulated period and (d) that the drawer failed to make the payment within fifteen days of the receipt of the notice.

**૧૩.** આમ, નેગો. ઈન્સ્ટુ. એકટના કાયદાની જોગવાઈઓ ઘ્યાને લેતાં તથા નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતો ઘ્યાન લેતા આ કામ ફરીયાદપક્ષે આરોપી સામેનુ તહોમત પુરવાર કરવા માટે જે મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે તેનુ ઝીણવટપુર્વક મુલ્યાંકન કરી હાથ પરના કેસનો ન્યાયિક નિર્ણય કરવાનો રહે જેમાં સૌપ્રથમ ફરીયાદપક્ષે ફરીયાદીની આંક–૧૧ની સરતપાસનુ સોગંદનામુ રજુ રાખેલ છે જેમાં આંક–૧ની ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે તેમજ ફરીયાદમા જણાવેલ દસ્તાવેજી પુરાવાઓ આ કામ રજુ રાખેલા છે જે ઘ્યાન લેતા ધી નેગો. ઈન્સ્ટુ. કલમ– ૧૩૮, ૧૪૨ મુજબની ફરીયાદ અનુસાર આપેલ હોવાનુ જણાય આવે છે. કાયદાનો પ્રસ્થાપિત સિઘ્ધાંત પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી અનુસાર આરોપીએ નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ અનુમાનોનુ ખંડન થાય તેવી શકય હકીકતો રેકર્ડ ઉપર લાવવી જોઈએ. જે જોગવાઈઓ નીચે મુજબ છે :–

118 presumptions as to Negotiable Instruments.

untilll the contrary is proved, the following presumptions shall be made (a) of consideration that every negotiable instrument was made or drawn for consideration and that every such instrument when it has been accepted, and endorsed, negotiated or transferred, was accepted, endorsed, negotiated or transferred of consideration (b) as to date. that every negotiable instrument bearing a date was made of drawn on such date. (C) as to time of acceptance. that every accepted bill of exchange was accepted within a reasonable time after it's time and before it's maturity(d) as to time of transfer. that every transfer of a negotiable instrument was made before it's maturity (e) as to order of endorsement. that the endorsement appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon (f) as to stamp. that a lost promissory note, bill of exchange or cheque was dully stamped (g) that holder is a holder in due course. that the holder of a negotiable instrument is a holder in due course. provided that where the instrument has been obtained from it's lawful owner, or from any person in lawful custody thereof, by means of an offense or fraud, or has been obtained from the maker or acceptor there

of by means of an offense or fraud, or for lawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him. 139 presumption in favor of holder it shall be presumed unless the contrary is proved that the holder of a cheque received of the nature referred into in section 138 for the discharge, in whole or in part of any debt or other liability.

વધુમાં, નામદાર સુપ્રિમકોર્ટે ૨૦૦૮ જી.એલ.એચ.૩૬૨ સુપ્રિમકોર્ટ કે.પ્રકાશન વિ.પી.કે.સુરેન્દ્રનના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે નેગો.ઈન્સ્ટુ.એકટ કલમ–૧૩૮ અને ૧૩૯ અન્વયે જયારે ચેકનો અનાદર થાય ત્યારે આવો ચેક કાયદેસરની જવાબદારી પુર્ણ કરવા માટે આપવામાં આવેલો હોય તેવું અનુમાન કરવાનુ રહે છે જે કાયદા મુજબનું અનુમાન રહેલ છે. ત્યારે આરોપીપક્ષે આવા અનુમાનનુ ખંડન 6કરતો પુરાવો આપવાનો રહે છે માત્ર ખુલાસો કરવો તે પર્યાપ્ત નથી પરંતુ આવા ખુલાસાને સમર્થન મળી રહે તેવો પુરાવો રજુ રાખવો જરૂરી છે. આમ, નામ.સુપ્રિમ કોર્ટના ઉપરોકત ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપી સામેનો ગુનો વ્યાજબી શંકાથી પર સાબીત કરવા માટે નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૧૮ તથા કલમ–૧૩૯ મુજબનુ અનુમાન ફરીયાદીની તરફેણમાં કોર્ટ કરે તે માટે તે મુજબનો પુરાવો કોર્ટ રૂબરૂ આપવો પડે. જે

અનુસંધાને ફરીયાદપક્ષ કોર્ટ રૂબરૂ આપેલ પુરાવો ધ્યાને લઈએ જે વંચાણે લેવામાં આવે તો આ કામના આરોપીએ પોતાના રીબર્ટલ એવીડન્સમાં ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન કોર્ટરૂબરૂ એવી હકીકત ફરીયાદીની ઉલટતપાસમાં રજુ રાખેલ છે. જેમાં ફરીયાદી એ સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે,એ વાત ખરી છે કે અમો ધરતી ટ્રેડીંગ કંપનીના ભાગીદાર છીએ. તે વાત ખરી છે કે અમોએ ભાગીદારી પેઢીનુ રજીસ્ટ્રેશન કરાવેલ છે. તે વાત ખરી છે કે અમો ભાગીદારી પેઢીના દસ્તાવેજ આ કામે રજુ કરેલ નથી. તે વાત ખરી છે કે ફરીયાદ કરવા માટેનો ભાગીદારોનો સમતી પત્ર આ કામે રજુ કરેલ નથી. મને આંક-૨૦, માર્ક-૩/૮નુ લાઈસન્સ બતાવવામા આવે છે જેમા મદદનીશ અને પ્રતીનીધીના નામ લખેલ છે. આ લાઈસનસમા જણાવેલ પુનીતભાઈ હસમુખભાઈ સોલંકી અમારે ત્યા કામ કરે છે. એ વાત ખરી નથી કે અમોએ આ કામે રજુ કરેલ લાઈસન્સ ૨૦૧૭ની સાલનુ છે. સાહેદ જણાવે છે કે ૨૦૧૭, ૨૦૧૮નુ છે. તે વાત ખરી નથી કે અમો આ કામે રજુ આંક-૧૩, માર્ક-૩/૧વાળા બીલ આ કામના આરોપીને આપેલ હોય તેવુ જણાવેલ નથી. તે વાત ખરી છે કે આક-૧૪, માર્ક -૩/૨ના બીલમા ગજલક્ષ્મી ટ્રેડર્સની આગળ આરોપીનુ નામ લખેલ નથી. તે વાત ખરી છે કે આ બીલોમા જણાવેલ વજનની વજનચીઠી અમોએ બનાવેલી. સવાલ : આવી કોઈ વજન ચીઠીમા મારી સહી હોય તેવો કોઈ પુરાવો છે તમારી પાસે જવાબ : તે ચીઠી લેબર આપતા હોય છે. સવાલ : તમે મને ચણાનો માલ આપેલ તે ટ્રકોનુ નંબર બીલોમા જણાવેલ નથી. જવાબ :

એ.પી.એમ.સી.મા ઢગલામા માલ આપવામા આવે છે અને બહુ બધી ટ્રકોમા આપવામા આવતા હોવાથી ટ્રક નંબર લખવામા આવતા નથી. તે વાત ખરી છે કે અમોએ આરોપીને આપેલ નોટીસમા અમારી સહી નથી. તે વાત ખરી છે કે આરોપીએ ભાડે રાખેલ દુકાન હળવદ માકેટયાર્ડમા હતી. તે વાત ખરી છે કે અમો આ કામના આરોપીને હળવદ માકેટયાર્ડના સરનામે કોઈ નોટીસ મોકલેલ નહી. તે વાત ખરી છે કે આ કામે રજુ થયેલ ત્રણે ચેકો આરોપીએ અમને સામે બેસીને પુરી વીગત ભરી સહી કરી આપેલા. સવાલ : આ કામે રજુ થયેલ ચેકો આરોપીએ તમોને કઈ તારીખે આપેલા. જવાબ : જે ચેકમા તારીખ છે તે જ તારીખે આપેલા. આ કામે રજુ થયેલા બીલ અમોએ ગજલક્ષ્મી ટ્રેડર્સને આપેલા. તે બીલો અમોએ કંપનીને આપેલા. તે વાત ખરી છે કે આ બીલો અમોએ ગજલક્ષ્મી ટ્રેડર્સ વતી આરોપીને આપેલા. અમોને આરોપીએ બાંહેધરી આપી હતી કે થોડા દીવસ ખમો પેસા મળી જશે જેથી અમો અઢી મહીના સુધી રાહ જોઈ પછી ચેક બેકમા આપેલા. આરોપીએ આવી બાંહેધરી અમોને રુબરુ આપેલી. આરોપીએ મને ચેક આપેલા તે દીવસે બાંહેધરી આપેલી. તે દીવસે આરોપીએ અમોને કોઈ ચોકકસ તારીખની બાંહેધરી આપેલ નહી. સાહેદ જણાવે છે કે તેઓએ થોડા દીવસ રહેવાની બાંહેધરી આપેલ હતી તેથી અમોએ થોડા દીવસ રાહ જોઈ અમોએ અમારી રીતે ચેક જમા કરાવેલ. તે વાત ખરી છે કે ચેક જમા કરાવ્યા પહેલા અમોએ આરોપીને કોઈ નોટીસ આપેલ નહી.

આમ, સમગ્રપણે રેકર્ડ પર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લેવામાં આવે તો ફરિયાદીની તરફેણમાં રહેલ પ્રીઝમ્પશન રીબર્ટ કરવાનું બર્ડન આરોપીપક્ષ ઉપર હોય ત્યારે આરોપીએ એ બતાવવાની ફરજ છે કે ફરિયાદપક્ષના પુરાવાથી કે પોતાના તરફે મૌખિક દસ્તાવેજી પુરાવા રજુ રાખી તેણે કાયદાથી તેના ઉપર નાખવામાં આવેલ બર્ડન રીબર્ટ કરેલ છે અને પછી ફરિયાદપક્ષે બતાવવું જોઈએ કે તેઓનો આવો અને આટલો પુરાવો છે જેથી આરોપી ઉપરનું બર્ડન રીબર્ટ થયેલ નથી. ફરિયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન હોય ત્યારે તેને રીબર્ટ કરવાનો બોજો આરોપી ઉપર જાય છે અને આરોપીએ પોતાની નિર્દોષતા સાબિત કરવાની છે જે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતના ઈન્ડિયન બેન્ક એસોસીએશન વિરૂધ્ધ યુનીયન ઓફ ઈન્ડિયા ડીસાઈડેડ ઓન ૨૧/૦૪/૨૦૧૪ રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૨૦૧૪ એસ.સી. ૨૫૨૮નો ચુકાદો વંચાણે લેવામાં આવે તો તેમાં સ્પષ્ટ સિધ્ધાંત પ્રસ્થાપીત કરવામાં આવેલ છે કે જયારે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ તળેની ફરીયાદ દાખલ થાય ત્યારે ફરિયાદીની અને સાહેદોની જુબાની સોગંધનામાં ઉપર રજુ થાય અને પરત ફરેલા ચેક અને બેન્કના પુરાવા રજુ થાય ત્યારે ફરિયાદીનો કેસ પ્રસ્થાપીત થયેલો ગણવો જોઈશે અને તેને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ના અનુમાનો લાગુ પાડવામાં આવશે. જેથી ફરિયાદપક્ષે જે જે મૌખિક તથા લેખિત પુરાવા રજુ થયેલ છે તેને પડકારેલ નથી નામદાર ગુજરાત હાઈકોર્ટના દેવાયત કાનાભાઈ ડેર આહિર વિરૂધ્ધ

ગુજરાત રાજય ૨૦૧૩(૨) જી.એલ.આર.૧૨૭૧નો ચુકાદોવંચાણે લેવામાં આવે તો તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ડીવીઝન બેન્ચમાં આપેલ ચુકાદામાં સ્પષ્ટ કરેલ છે કે આરોપીના વકીલશ્રી તરફથી સાહેદોની ઉલટતપાસમાં પુછેલ હકીકતનો સાહેદે ઈન્કાર કરેલ હોવા છતા બચાવપક્ષના આરોપી ઘટના સમયે હાજરી સ્વીકારેલ છે જે બાબત નામદાર ગુજરાત હાઈકોર્ટે માન્ય રાખેલ છે. બચાવપક્ષે રેકર્ડ પર પોતાના બચાવમાં જે હકીકતો જણાવેલ છે તે અંગેના કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રેકર્ડ પર રજુ રાખેલ નથી જે જોતા આ કેસમાં કોઈ પ્રોબેબલ ડીફેન્સ રેકર્ડ પર નથી જેથી ફરિયાદી પાસે આરોપીના ખાતાનો ચેક પુરાવા તરીકે ઉપલબ્ધ છે હાલના ફરિયાદી ચેકના કાયદેસરના ધારક છે અને કોર્ટ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરી શકે તેમ છે. વધુમાં, ચેકના ધારકે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮એ મુજબ ચેક લખ્યા તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો તથા કલમ–૧૩૮બી મુજબ ચેક રીટર્ન થયાના ૩૦ દીવસમાં ચેકના ધારણ કરનારે લેખિત નોટીસ આપી રકમની માંગણી કર્યાની તથા કલમ ૧૩૮સી મુજબ ચેક લખનાર નોટીસ મળ્યાના ૧૫ દીવસમાં નોટીસમાં માંગ્યા મુજબની રકમ ચુકવણીમાં નિષ્ફળ ગયેલ છે. હવે કલમ–૧૩૮એ મુજબ ચેક લખ્યાની તારીખથી નિયત સમયમાં ચેક બેન્કમાં રજુ કરવો જોઈએ તે અંગે વિચાર કરવામાં આવે તો ફરીયાદપક્ષે જે ચેક રજુ કરેલ છે, જે રીટર્ન મેમો રજુ કરેલ છે જે

ચેકમાં લખેલ તારીખથી નિયત સમય મર્યાદામાં ચેક બેન્કમાં રજુ થયેલ છે જે ફંડ ઈન્સફીસીયન્ટના શેરા સાથે પરત ફરેલ છે અને આરોપી તરફે નોટીસનો જવાબ રજુ કરેલ નથી. પરંતુ તે અંગે રીબર્ટલ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮એની જરૂરીયાતોનું પાલન થયેલ હોવાનું માનવામાં આવે છે. આ કામે ફરીયાદીએ આપેલ નોટીસ તથા આ નોટીસ મોકલ્યાની પહોંચ રજુ કરેલ છે, જે રહેણાંકના સ્થાને બજી ગયેલ છે જેથી નોટીસ બજવણીના સિધ્ધાંત મુજબ નામદાર સર્વોચ્ચ અદાલતના ડી. વિનોદ શીવપ્પા વિરૂધ્ધ નંદા બેલીઅપ્પા રીપોર્ટેડ ઈન એ.આઈ.આર ૨૦૦૬ એસ.સી.૨૧૭૦ના ચુકાદાઓ વંચાણે લેવામાં આવે તો નોટીસ મોકલવી મહત્વની છે અને નોટીસ આરોપીના એડ્રેસ ઉપર મોકલાવી છે. નામદાર ગુજરાત હાઈકોર્ટે દિનેશભાઈ મણીલાલ રાવલ વિરૂધ્ધ મનસુખભાઈ મણીલાલ પટેલ રીપોર્ટેડ ઈન ૨૦૧૨ જી.એલ.એચ. ઈ.એલ.એચ.સી.૨૨૬૪૯૦ના ચુકાદામાં ત્યાં સુધી જણાવેલ છે કે નોટીસ ન મળી હોય તો સમન્સ બજયાના ૧૫ દીવસમાં ચેકની રકમનુ ચુકવણું અદાલતમાં કરી આપવાનું રહે છે તેમ છતા આરોપીએ કોઈ રકમની ચુકવણી કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી. આ કામે બચાવપક્ષે લેવામાં આવેલ તકરાર અંગે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી જયારે બચાવપક્ષે આ અંગેના કોઈ મૌખિક કે લેખિત આધાર પુરાવા આ રજુ કરી ખંડનાત્મક પુરાવો રજુ રાખી કોઈ રીબર્ટલ પુરાવો રજુ કરેલ નથી. આમ, રેકર્ડ ઉપર

રજુ થયેલા આંક–૧૧ના મૌખિક પુરાવાથી પણ તે હકીકત પુરવાર થાય છે કે હાલનો નાણાંકીય વ્યવહાર આ કામના આરોપી સાથે થયેલ છે. આ કામે બચાવપક્ષે ઉપસ્થિત કરેલ તકરાર મુજબ ચેકવાળી રકમ આરોપી દ્વારા ફરીયાદીને ચુકવી આપવામાં આવેલ હોય, તો બચાવપક્ષના ઉપર આ હકીકત પુરવાર કરવાનો રહેલ બોજો બચાવપક્ષે મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખી પુરવાર કરેલ નથી. આમ, સમગ્રપણે ચેકની રકમ લેણી બાકી પડતી હોવાનું ઉપરોકત દર્શાવેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓથી ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે. ત્યારે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૪૨(એ) અન્વયે હાલના ફરીયાદી ફરીયાદ દાખલ કરવા માટે યથાનુક્રમે ચેક ધારણ કરનાર વ્યકિત છે તેમજ હાલની ફરીયાદ દાખલ કરતાં પહેલાં આરોપીને દિન–૩૦માં નોટીસ આપવામાં આવેલ છે અને ચેકની રકમ દિન–૧૫માં ફરીયાદીને ચુકવી આપેલ નથી અને હાલની ફરીયાદ કરવાનુ કારણ ઉત્પન્ન થયેલ ત્યારબાદ સોળમા દિવસ પછી એક માસની અંદર દાખલ કરવામાં આવેલ છે જે જોતાં કલમ–૧૪૨(બી) મુજબ સમયમર્યાદામાં દાખલ કરવામાં આવેલ છે જેથી બચાવપક્ષની તકરાર સાબીત થયેલ નથી. કાયદામાં સ્પષ્ટ જોગવાઈ છે કે બુધ્ધીગમ્ય પુરાવા સિવાય માત્ર બેરવર્ડીંગ્સના આધારે કોઈ બચાવ માન્ય રહી શકે નહીં. નેગેશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ આરોપી ઉપર પુરાવાનુ ઓનસ લીબરલ હોય છે, પરંતુ તે માત્ર શાબ્દીક વાંધાઓથી શીફ્ટ થઈ શકે નહીં.

**૧૪.** ઉપરોકત તમામ વિસ્તૃત ચર્ચાને અંતે જયારે મુદ્દા નં.૧ અને ૨નો જવાબ હકારમાં આવેલ હોય ત્યારે આરોપી ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલા–૧૩૮ હેઠળ તકસીરવાન ઠરેલા છે. સદર કેસ વોરંટ ટ્રાયબલ રીતે ચાલેલ નથી સમન્સ ટ્રાયબલ રીતે ચાલેલ છે તેથી ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫ મુજબ આરોપીપક્ષને સજા બાબતે સાંભળવા આવશ્યક નથી. અત્યારે સમયમાં દિન–પ્રતિદીન લોકો ચેકો આપવાનું વધારે પસંદ કરે છે તેવા કારણોસર આવા ગુનાઓની ઉત્તરોઉત્તર વૃધ્ધી થવા પામેલ છે અને અત્યારે વ્યાપાર ધંધામાં ચેકથી વ્યવહાર કરતા એક પ્રકારનો ભય વ્યાપી ગયો છે. કાયદાના હેતુ અને ઉદ્દેશ ધ્યાને લેતાં આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે ચેક આપેલો જે ચેક અપુરતા ભંડોળના શેરાના કારણે પરત ફરેલ છે તેવા સંજોગોમાં આરોપીને પ્રોબેશ ન ઓફ ઓફેન્ડર્સ એકટ અથવા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૬૦ અન્વયે પ્રોબેશનનો લાભ આપવો ન્યાયોચિત જણાતો નથી. આરોપીને નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ કેદની સજા બે વર્ષ સુધી લંબાવી શકાય અને દંડની રકમ ચેકમાં જે રકમ જણાવી છે તેનાથી બમણી થઈ શકે તેમ છે. આ બાબતની ચર્ચા નામદાર કોર્ટના ભાસ્કરણના કેસમાં પણ કરવામાં આવેલ છે અને અદાલતે કોડની કલમ ૩૫૭(૩)ની જોગવાઈઓનો ઉદારતાપુર્વક લાભ આપવો જોઈએ. પેટા કલમમાં વળતર અંગે કોઈ મર્યાદાનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તેથી મેજીસ્ટ્રેટ કોઈ પણ રકમ વળતર તરીકે અપાવી શકે છે. અલબત્ત,

આવી વળતરની રકમ નકકી કરતી વખતે મેજીસ્ટ્રેટે એવી વિચારણા કરવાની છે કે ફરીયાદીને વળતર ચુકવવા અંગે એવોર્ડ કરવાની સત્તા છે. સાથે ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૩૫૭(૫) પણ ઘ્યાને લેવી જરૂરી છે. આમ, જયારે મેજીસ્ટ્રેટને ફરીયાદીને વળતર આપવુ જોઈએ તેવું લાગે તો કેદની સજા કર્યા પછી ફરીયાદીને વળતર અંગે એવોર્ડ કરી શકશે જે કોડની કલમ–૩૫૭માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે મીટર્સ એન્ડ ઈન્સ્ટુમેન્ટ પ્રા.લી. એન્ડ અનઘર વિ. કંચન મહેતા રીપોર્ટેડ ઈન એ.આઈ.આર. ૨૦૧૭ એસ.સી.૪૫૯૪ના ચુકાદામાં તો ત્યાં સુધી જાહેર કરેલ છે કે નેગો.ઈન્સ્ટુ.એકટનો મુખ્ય ઘ્યેય The Objct Of The Propision being Primarily Conpensatory. Punitive Element being mainly With the Object Of enforcing The Compensatory element.

**૧૫.** સદર પ્રકારના ભારતદેશની અર્થવ્યવસ્થાને અસરકર્તા ગુન્હા હોય આવા કેસોમાં આરોપી સાથે માનવતાપુર્ણ વ્યવહાર કરી ઓછી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયોચિત જણાતું નથી. આમ, હાલના કેસમાં આરોપીને પુરેપુરી સજા કરવી જોઈએ તેવું અત્રેની અદાલતનું માનવું છે તથા આરોપીને સખત નસીયત મળી રહે તે જરૂરી છે તેમજ તેવી પરિસ્થિતિને ઘ્યાને લેતાં ફરીયાદીને વળતર ચુકવવામાં આવે તો ન્યાયી, વ્યાજબી અને વ્યવહારુ જણાઈ આવે છે અને નામદાર સર્વોચ્ચ અદાલતે જાહેર કરેલા ચુકાદાઓમાં

પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મેજીસ્ટ્રેટ દંડની સજા ફરમાવતા હોય ત્યારે તેને ફરીયાદીને વળતર તે દંડની રકમમાંથી જ આપવુ જોઈએ. તે દંડની રકમ ઉપરાંત વળતરની રકમ અપાવવાની સત્તા કાયદા મુજબ મેજીસ્ટ્રેટને નથી. જેથી હાલના નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ-૧૩૮ વંચાણે લેતાં આ કામના ઉપરોકત ચર્ચા કરેલ પુરાવાને અંતે ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં.૧ તથા મુદ્દા નં.રનો જવાબ હકારમાં ઠરાવી મુદ્દા નં.૩ પરત્વે નીચે મુજબનો હુકમ કરવાનો ન્યાયી જણાય છે.

## :: આખરી હુકમ ::

**૧.** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ-૨૫૫(૨) અન્વયે આરોપી નવીનચંદ રાયચંદ દક્ષિણી(ઠકકર)નાઓને ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની કેદની સજા કરવામાં આવે છે તથા **રૂ.૧,૩૦,૫૮૨/- (અંકે રૂપિયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરા)**નાં દંડની સજા ફરમાવવામાં આવે છે. જો આરોપી દ્વારા દંડ ભરવામાં ન આવે તો આરોપીને વધુ છ માસની કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે તથા દંડની રકમ આરોપી પાસેથી તેની જે કોઈપણ મિલકત હોય તેના ઉપરથી ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ-૪૨૧ મુજબ રેવન્યુની બાકી રકમ તરીકે રીકવર કરવાની રહેશે.

**૨.** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૫૭(૧) મુજબ આરોપીને કરેલ દંડમાંથી ફરીયાદીને વળતર તરીકે **રૂા.૧,૩૦,૫૮૨/– (અંકે રૂપિયા એક લાખ ત્રીસ હજાર પાંચસો બ્યાસી પુરા)** ખાસ વળતર તરીકે ક્રિમીનલ મેન્યુઅલ પેરા–૨૦૯ મુજબ ચુકવી આપવાના રહેશે.

**૩.** ફોજદારી કાર્યરિતી સંહિતાની કલમ–૩૬૩(૧) મુજબ આ હુકમની નકલ તાત્કાલિક વિના મુલ્યે આરોપીને પુરી પાડવી.

હુકમ આજ તારીખ:૦૧લી માહે:એપ્રિલ, સને ૨૦૨૬ના રોજ હળવદ મુકામે મારી સહી કરી ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

હળવદ.

તા.૦૧/૦૪/૨૦૨૬ ( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, હળવદ.

કોડ નં.જી.જે.૦૦૭૧૧.

*H.D.Lakum*

*Steno.*